R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 17 •ISSUE: 34 DATE: 24-08-2013 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-


આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ખ્રિસ્તીઓને બીજા દરજ્જાના નાગરિકો તરીકે ગણાવાય છે,કેન હચરસન પાસ્ટર

લેખક અને ભુતપુર્વ એનએફએલ લાઇનબોકર અને સીનીયર પાસ્ટર,સીટલ્સ એન્ટીઓચ બાયબલ ચર્ચ,કેન હચરસને ક્રિશ્ચિયન પોસ્ટને જણાવ્યું હતું કે હવે હું અહીંયા ફરીથી ખ્રિસ્તી તરીકે મારા વિચારો પ્રદર્શિત કરુ છું. એક રુઢિચુસ્ત ધાર્મિક તરીકે,એક બંધારણીય વ્યક્તિ તરીકે.અમો એક માત્ર એવા લોકો છીએ કે જેમને ફરીથી અસ્પૃશ્ય ગણાવાય છે અને તો પણ કોઇ તેને જાતિભેદ, રંગભેદ કે અશ્પૃશ્ય કહેવા તૈયાર નથી.



ખ્રિસ્તીઓ બીજા દરજ્જાના નાગરિકો ગણાવાય છે. તે માત્ર એમ નથી કહેતો કે તે હું ખ્રિસ્તી એટલા માટે નથી બન્યો કે જેવી રીતે આફ્રિકન-અમેરિકન તેમના નાગરિકી અધીકારો માટેની ચળવળ ફરીથી ચલાવી છે તેવી રીતે મારે પણ ચલાવવાની છે.

હું એટલા માટે ખ્રિસ્તી નથી બન્યો કે જેથી આજ મારે બધી બાબતો માટે લડાઇ કરી પડે. મને એક કાળા વ્યક્તિ તરીકે સમાન અધિકારો મળવા જોઇએ.

તેમણે દાખલો આપતા જણાવ્યું કે ટી પાર્ટીના સભ્યો ભેદભાવનો સામનો કરે,કેટલાક લોકો બાયબલ આધારીત એવા તથ્યોનો સહારો લઇને સજાતીય સબંધોને માન્યતા આપે,અને આપણે તેમને મેરી ક્રિસમસનો જાણીતા ગ્રેટીંગ આપવાના.

તેમણે ભુતકાળને યાદ કરતાં જણાવ્યું કે હાલમાં જે બાબતો માટે અમો વિસંગતતા અનુભવી રહ્યા છે તેને ૧૯૬૦ાં સીવીલ રાઇટસ સાથે આમ તો સરખાવી ના શકાય,તે સમયે કાળા લોકો પ્રત્યે ભેદભાવ અને હિંસા આચરાઇ હતી.પરંતુ આ બેને બાબતોમાં એક સામ્યતા હતી અને તે એ હતી કે સમાન હક્કો માટેની તે લડાઇ હતી.બ્લેઝ વીડીયોમાં ગત સપ્તાહમાં તેઓ અમારા સમાનતાના હક્કો ભેદભાવ કરીને પાછા લઇ લેવાયા છે.

તેમણે પુછ્યુ હતું કે જુડો ખ્રિસ્તીઓ,ટી પાર્ટીઝ અને બીજા રુઢિચુસ્તો જેઓ બીજા દરજ્જાના નાગરિકો હોવાનું અનુભવે છે જેમને આઇઆરએસ દ્વારા છુટા પાડવામાં આવ્યા છે.એનએસએ દ્વારા તેમના પર જાસુસી કરાવાય છે. તેઓ પોતાના હક્કો માટે ઉભા થઇ શકે નહી માંગણી કરીશકે નહી,કાયદા દ્વારા તેઓ સમાન દરજ્જાની માંગણી માંગણી કરી શકે નહી.

એક જાણીતા ખ્રિસ્તી પાળકે એવું કહ્યું હતું કે જ્યારે તેઓ આવ્યા ત્યારે તેમના હાથમાં બાયબલ હતા.હવે અમારા હાથમાં બાયબલ છે તેઓ અમારી સંપત્તિના માલિકો બની બેઠા છે.અસમાનતા, કે ભેદભાવ દર્શાવાય ત્યારે સમજદાર લોકોનો આત્મા કકળી ઉઠે છે અને વિદ્રોહની ચીનગારી સળગે છે.એક પાસ્ટરે કહ્યું કે હવે ફરીથી હું ખ્રિસ્તી નહીં બનું કારણકે ખ્રિસ્તી થવાથી હું સેકન્ડ કલાસ નાગરિક બની ગયો છું.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## મેક્સીકો સ્થિત મીનીસ્ટ્રીએ આઠ વધુ ભાષાઓમાં સુવાર્તાનું રેકોર્ડીંગ તૈયાર કર્યુ

ન્યુ મેક્સીકો સ્થિત મીનીસ્ટ્રીએ વધુ આઠ ભાષાઓમાં સુવાર્તાનું રેકોર્ડીંગ કર્યુ હતું. હવે ૭૩૩ ભાષાઓમાં આ રેકોર્ડીંગ ઉપલબ્ધ છે.જેના દ્વારા વિશ્વની ત્રીજા ભાગની વસ્તીને સુવાર્તા પહોચાડી શકાશે.મીનીસ્ટ્રીએ સંપુર્ણ મફત રીતે ડીજીટલ રીસોર્સ ઉપલબ્ધ કરાવશે.

અમારા રીસોર્સીસ,ટેકનોલોજી, અમારા સ્ટાફની સંપુર્ણ સર્મપિત મહેનત,અમારા ભાગીદારો જેઓ આખા વિશ્વમાં પથરાયેલા છે,ઈશ્વર દ્વારા અમારા કાર્યને સફળ કરવા માટે અપાયેલ સહાય આ બધાને આભારી છે તેવુ જેરી જેકસન જેઓ ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ,ફેઈથ કમ્સ બાય હિયરીંગ, જણાવ્યુ હતું.


નવી ભાષાઓનો સમાવેશ કરાયો તેમાં આવાજુન ,પેરુમાંથી, કેનેલા, બ્રાઝિલ,ચાડીયન અરેબીક અને કેન્ગા, ચાડ,થરાકા,કેન્યા, ટૌરા કોટી ડી આઇવોરી અને કોપાતા ડાયલેક્ટ(ટ્રીક્યુ ડાયલેક્ટ ના ભાગ રુપે)અને યતઝેચી ડાયલેકટ (ઝપોટીકો ડાયલેક્ટ) મેકસીકો, ચાડીયન અરેબીક એક મોટુ ગ્રુપ છે. જેને આ નવા રીલીઝનો લાભ મળશે.જ્યારે નાના ગ્રુપમાં કેનેલા, જે બ્રાઝીલમાં બોલાય છે તેવું મીનીસ્ટ્રી તરફથી જણાવાયું હતું.નવા રીલીઝથી લગભગ ૧.૪ મીલીયન લોકો તેનો લાભ લઈ શકશે.ઈશ્વરના શબ્દોનું ઓડીયો તેમના માટે તેમની ભાષામાં મળી શકશે.

૭૩૩ ભાષાઓમાં ૫.૭ બીલીયન લોકો ૧૮૯ દેશોમાં આ રીલીઝનો લાભ લઈ રહ્યા છે.ફેઈથ કમ બાય હીયરીંગે ડીજીટલ સ્કીપર્ચસનું સ્ટ્રીમીંગ કરી ડાઉનલોડ કરી શકશે.આ મીનીસ્ટ્રીએ એપ પણ ડેવલપ કર્યું છે બાયબલ પ્રમાણે અને ડીફ બાયબલ પણ ઉપલબ્ધ છે.જેઓ નિયમિત રીતે ઈન્ટરનેટ, અથવા તો મોબાઈલ ડીવાઈસીસ થી સંપર્ક કરી શકતા નથી. તેઓ માટે એફસીબીએચ તરફથી ઓડીયો વર્જન,ન્યુ ટેસ્ટામેન્ટનું પુરુ પાડવામાં આવે છે. જે તેમના ૩૩૦,૦૦૦ સોલાર પાવરથી ઉપલબ્ધ બને છે.



આ સંસ્થા હાલના જનરેશનની જરુરીયાતો પુરી કરવા માટે મદદ કરવા માટે સંપુર્ણ રીતે તૈયાર છે.તેમની ઈચ્છા ઈશ્વરના શબ્દો દરેક ભાષામાં ઉપલબ્ધ બને અને લોકો સુધી પહોચે માટે તે કોઈપણ જાતની મદદ કરવા તૈયાર છે.તેમનું કામ હૃદયની ભાષાને રેકોર્ડ કરવાનું છે.ઓડીયો બાયબલ તેમના ચર્ચોને ભેગા કરશે અને તેમના દ્વારા દરેક દેશોમાં શિસ્તનું નિર્માણ કરશે.દરેક જાતિ,દરેક ભાષા અને દરેક લોકો એક થશે.

બાયબલનું ઓડીયો વર્ઝન જરુરી છે કારણકે વિશ્વની ૫૦ ટકા વસ્તી અભણ છે તેવું તેમણે જણાવ્યું હતું.મોટાભાગના લોકો અવિકસિત દેશોમાં વસે છે અને તેઓ ઈશ્વરના વચનો વાંચી શકતા નથી.તેમની ભાષામાં અનુવાદ કરાય તો પણ તેઓ વાંચી શકતા નથી.તેમના માટે સરળ અને સહેલો રસ્તો એ છે કે તેમને ઓડીયો બાયબલ પુરા પાડવામાં આવે,અને તેના કારણે તેઓ ઈશ્વરના વચનો સમજી શકે.ઈશ્વરના વચનો પૃથ્વી પર વસતા તમામ લોકો પાસે જાય અને જેઓ આ સાંભળી શકે અને ઈશ્વરના પ્રેમને સમજી શકે.




## ઓક્સફર્ડ ડીક્શનેરીમાં મેરેજની વ્યાખા સુધારીને તેમા સજાતીય લગ્નનો ઉમેરો કરવો પડશે

વિશ્વની સૌથી મોટી ડિક્શનેરી ઓક્સફર્ડની અંગ્રેજી ભાષામાં છે.તેમણે જાહેર કર્યું હતું કે હવે લગ્નની વ્યાખ્યામાં સજાતીય લગ્નનો ઉમેરો કરવો પડશે કારણકે બ્રિટને હવે સજાતીય લગ્નોને કાયદેસરની માન્યતા આપી છે.જો કે ઓસ્ટ્રેલીયન રાજકીય નેતાઓ અને ધાર્મિક નેતાઓએ સજાતીય લગ્ન એટલે માનસિક રીતની એક બિમારી ગણાવી હતી.જેથી અમો સતત ડિક્શનેરીમા આ શબ્દ બાબતે નિરિક્ષણ કરતા હતા.શબ્દનો યોગ્ય અર્થ શોધવો,અને તેને ઉમરવો તે એક દ્વીધા હતી.

અનું.પાન નં.૪ ઉપર

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશી રાજ-રજવાડાઓને એકત્રીત કરીને ભારતને એક સંઘમાં પરિવર્તિત કરવાનું ભગીરથ કાર્ય સરદાર વલ્લભભાઈ પટેલે કર્યું હતું.તે પ્રમાણે નવા રાજ્યો અસ્તિત્વમાં આવ્યા.જેમ જેમ રાજકીય ફલક પર ફેરફારો થતા ગયા અને નવા રાજકીય પ્રપંચો અસ્તિત્વમાં આવતા ગયા તેમ તેમ રાજ્યોમાં વિભાજન કરાવવાની વૃત્તિ બહાર આવવા લાગી.યુ.પી અને બિહારના સાંસદો એકઠા મળે એટલે વડાપ્રધાન નક્કી કરી શકાય,તેવી ગણત્રીને ધ્યાનમા લઈને બૃહદ મુંબઈ રાજ્યનું વિભાજન કરવામાં આવ્યું.ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ થયા.પરિણામે કોઈપણ એક વિસ્તારની રાજકીય તાકાત ઘટી ગઈ.રાજકીય પક્ષો અને રાજકારણીઓ પોતાની મતબેંક અને રાજકીય મહત્વકાંક્ષાઓ પુરી કરવાને માટે દેશના રાજ્યોમાં ભાગલા પડી શકે માટે લોકોને ઉકસાવતા રહ્યા.હવે દરેક રાજ્યોમાં વિભાજનની પ્રક્રિયા જોર પકડી રહી છે.તેલંગાણાને અલગ રાજ્યનો દરજ્જો આપવામાં આવશે ત્યારબાદ ગોરખાલેન્ડ,બોડોલેન્ડ વિગેરે બીજા અનેક રાજ્યો વિભાજનની માંગણી કરશે. ભુતકાળમાં ગુજરાતમાં પણ સૌરાષ્ટ્ર અને કચ્છને અલગ રાજ્યો ઉભા કરવાની માંગણી હતી.પરંતુ તે વખતના ખમતીધર રાજકારણીઓએ આ બાબતને દબાવી દીધી હતી.જો કે હજુ તેના રાખ નીચે પડેલા અંગારા સમુળગા બુઝાઈ ગયા નથી.તક મળે તો દેખા દઈ શકે છે.

નાના રાજ્યોમાં વિભાજનની ઉભા થાય તો પરિસ્થિતિ સરદાર પટેલે જે કરી હતી તેનું લગભગ નિકંદન નીકળી જાય. હજુ પણ રાજકારણીઓ દેશના હિતમાં આવા કાર્યોને અમલમાં મુકતા પહેલા પાયાની બાબતો પર વિચારવાની જરુર છે.તાત્કાલિક ફાયદા,કે મતબેંક અંકે કરવાની બાબતોને પડતી મુકી દેશના હિતમાં આગળ વધવું જોઈએ.

## મંતવ્ય

### સોનોગ્રાફીવાળા ગર્ભપરિક્ષણ કરનારા દવાખાના સરકારે બંધ કરતો કાયદો પસાર કરવો જોઈએ

આજે ભારતે વિજ્ઞાન ક્ષેત્રે ઘણી બધી પ્રગતિ કરી છે. તેમાં તેમણે માતના ગર્ભનું પરિક્ષણ થઈ શકે તેવા સાધનો શોધી કાઢ્યા છે.આ પધ્ધતિને સોનોગ્રાફી કહે છે.સોનોગ્રાફી દ્વારા જાણવા મળે છે કે માતાના ગર્ભમાં દિકરો છે કે દીકરી. આમ જાણ થતાં જો દિકરો હોય તો માતા ગર્ભપાત કરાવતી નથી અને દિકરી હોય તો માતા ગર્ભપાત કરાવે છે. અથવા તો તેના કુટુંબીજનો ગર્ભપાત કરાવવા માતાને મજબુર કરે છે.

આમ થતું અટકાવવા માટે હું એક કિશોરી તરીકે સરકારને અપીલ કરુ છું કે ગર્ભ પરીક્ષણના દવાખાના બંધ થાય તેવો કાયદો કરવો જોઈએ.જેથી અનેક કિશોરીઓ આ સુંદર દુનિયા જોઈ શકે અને મજા માણી શકે અને આ દુનીયામાં આવી શકે.

મેકવાન પ્રણાલી કમલેશભાઈ,આણંદ

અમદાવાદ શહેરના ગોમતીપુર વિસ્તારની અમુક ચાલીઓના દરવાજા પાસે જ ગંદકી રહેલી હોય છે. મ્યુનીસીપાલીટીના સભ્યો તેની પર ખાસ નોંધ લેતા નથી.અને અહીં ગંદકી ઓછી થતી નથી.ઘણીવાર તો ત્યાં પાણીના ખાબોચીયા ભરાઈ રહેવાથી મચ્છરોનો ઉપદ્રવ વધી જાય છે.અને મેલેરીયાના લોકો ભોગ બને છે.માટે મ્યુનીસીપાલીટીના સભ્યો અને અહીના રહેવાસીઓએ પોતાના વિસ્તારમાં ગંદકી દુર કરવા પ્રયત્ન કરવો જોઈએ. તેમજ તેમના વિસ્તારમાં કઈ મુશ્કેલીઓ છે તે ભેગા મળીને દુર કરવી જોઈએ.

ક્રિસ્ટી જેનીફર .ડી.(અમદાવાદ)


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધું પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# પાકિસ્તાનમાં ધર્મનિંદાના આરોપસર ખ્રિસ્તીઓને આજીવન જેલમાં નાખવાની કટ્ટરવાદીઓનુ વ્યવસ્થિત આયોજન



ધર્મનિંદાના આરોપમાં સજ્જાદ મસીહ ગીલ,૨૮વર્ષ જેઓ પાકિસ્તાનના પકપટન ,પંજાબ જીલ્લાના વતની છે તેમને બે હજાર ડોલરનો દંડ કરવામાં આવ્યો છે તેમજ હજુ તેમને આજીવન સજાની જોગવાઈ ઉભી છે.

આફતાબ એલેકઝાંડર મુગલ, એડીટર,માઈનોરીટી કન્સન ઓફ પાકિસ્તાન,ના જણાવ્યા પ્રમાણે, જજ મિયાન સાહજાદ રઝાએ ૧૩ જુલાઈના રોજ આપેલ તેમના ચુકાદામાં ભાર દંડ અને સજાનો નિર્દેષ કર્યો હતો.તેવું તેમના ન્યુઝ પેપરમાં જણાવાયું હતું.ગીલની ઉપર ધર્મિનીંદાનો આરોપ મુકવામાં આવ્યો હતો.જેમાં તેમણે ટેક્ષ મેસેજ મોકલ્યો હતો અને તેમાં મહમંદ પયગંબર અને ઈસ્લામ બાબતે નિંદા કરી હતી.આ મેસેજ મોલવીઓ તેમજ આ વિસ્તારમાં વગ ધરાવતા લોકો પર આ મેસેજ મોકલવામાં આવ્યો હોવાનો આરોપ લગાવાયો હતો.

મુગલના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાનમાં આ પ્રથમ વાર બન્યું છે કે કોઈને ટેક્ષ મેસેજ મોકલવાના આરોપસર સજા કરવામાં આવી હોય.મુગલના જણાવ્યા પ્રમાણે ડીસેમ્બર ૧૮,૨૦૧૧ના રોજ ધર્મનિદાનો મેસેજ મલીક મહંમદ તારીક સલીમ,જે એક વેપારી છે અને ગોરજા જીલ્લામાં તોબા ટેકસિંહ માં રહે છે.બીજા દિવસો મુગલના જણાવ્યા પ્રમાણે મહંમદ તારીકે પોલીસમાં ફરિયાદ લખાવી. પોલીસે જેમ વર્તે છે તે પ્રમાણે કોઈપણ જાતની તપાસ કર્યા વગર ધર્મનિંદાઓ કેસ ફાઈલ કર્યો.અને ગીલ અને તેની ફીયાન્સ રુમા ઈલીયાસ સામે ફરિયાદ દાખલ કરી દીધી.

મુગલના જણાવ્યા પ્રમાણે આ ઘટના ઘટ્યા બાદ રુમા ઈલીયાસે ગીલ સાથે તેના સગપણના સબંધો તોડી નાંખ્યા હતા. અને યુકેમાં કોઈ અન્ય વ્યક્તિ સાથે લગ્ન કરવા વિચાર્યું હતું.ગીલ પાસે જે મોબાઈલ ફોન હતો તે રુમાનો હતો અનેસીમકાર્ડ પણ રુમાના નામનું હતું. જેના પરથી ધર્મનિંદાનો મેસેજ કરવામાં આવ્યો હોવાનો આરોપ છે.જેથી રુમાને પાઠ ભણાવવાને માટે કેટલાંક મુસ્લીમ લોકોએ રુમા મસીહનું નામ એફઆઈઆરમાં ઉમેરાયું હતું.ડોન ન્યુઝ પેપરના સમાચારો મુજબ તેણી નું ધરપકડ વોરંટ પણ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. અને યુ.કે માંથી પાકિસ્તાન લાવવાની તજવીજ કરવામાં આવી હતી પરંતુ તે સફળ બન્યું નહોતું.

પાકિસ્તાનમાં કટ્ટરવાદી પરિબળો દ્વારા ધર્મનિદાના આરોપસર ખ્રિસ્તીઓને કેવી રીતે ફસાવી દેવા તેની તજવીજ કરવામાં આવે છે. પોલીસ અને ન્યાયિક અદાલતો આ બાબતમાં કટ્ટરવાદીઓની તરફેણ કરતી હોય છે તેથી લઘુમતી ખ્રિસ્તીઓને ન્યાય મળવાની શક્યતા એકદમ ઘટી જાય છે.પાકિસ્તાનમાં કહેવાતી લોકશાહી ખતમ થઈ ગઈ છે.મોટે ભાગે સ્ત્રીઓને સકંજામાં લેવામાં આવે છે. અને તેના દ્વારા તેમના કુટુંબીજનોને ફસાવવામાં આવે છે.જો કે ઉપરની કોર્ટોમાં હજુ સુધી મોટાભાગના કેસોમાં ધર્મનિદાના આરોપો સફળ રહ્યા નથી.તેમજ પાકિસ્તાનની કહેવાતી લોકશાહી સરકાર પણ આંતરરાષ્ટ્રીય દબાણો ને કારણે દેખાવા ખાતર પણ થોડી ઘણી હળવાસ ઉભી કરવાનો પ્રયત્ન કરે છે.પરંતુ કટ્ટરવાદીઓ દિવસે દિવસે લોકશાહીને અજગરની માફક ભરડો લઈ રહ્યા છે.

વિશ્વનો સૌથી વિશાળ ધોધ નાયગ્રા છે.

પહેલું ક્રેડીટ કાર્ડ ૧૯૫૧માં અમેરીકન એકસપ્રેસ દ્વારા ઈસ્યુ કરવામાં આવ્યું હતું.

જાપાનમાં પહેલી ઓકટોમ્બર ઓફીસીયલ કોફીડે તરીકે મનાવાય છે.

કોફીનું વૃક્ષ ૬૦ થી ૭૦ વર્ષનું આયુંષ્ય ધરાવે છે.

વ્યક્તિ જ્યારે એક ડગલું ભરે ત્યારે તેના શરીરના બસો સ્નાયુઓ એકસાથે હલનચલન કરે છે.

મનુષ્યોના પગમાં ૨,૫૦,૦૦૦ પ્રકારની અંતઃશ્રાવી ગ્રંથીઓ આવેલી હોય છે.

૧૯૮૦ના વર્ષ સુધી સમગ્ર વિશ્વમાં એકમાત્ર ભુતાન જ એવો દેશ હતો જ્યાં ટેલીફોન વ્યવસ્થા ન હતી.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

# મહિલા અનામત ખરડો, ક્યારે બનશે કાયદો ?

વર્તમાન લોકસભામાં ૫૯ મહિલા સાંસદો છે. ગત લોકસભા કરતાં ૧૪ વધારે.આગામી લોકસભામાં કેટલી મહિલા સાંસદો હશે તેનો કોઈ નિશ્ચિત આંકડો એટલા માટે આપી શકાય નહી, કારણ કે ૩૩.૩ ટકા મહિલા આરક્ષણ હજુ વાસ્તવિક બન્યું નથી.૫૪૫ સાંસદોના ૩૩.૩ ટકા લેખે આપણી સંસદમાં ૧૮૧ મહિલા સાંસદો હોઇ શકે.દેશના વિવિધ રાજ્યોના ૪૦૧૧ ધારાસભ્યોમાં ૧૩૩૫ મહિલા ધારાસભ્યો હોવા જોઇએ. પણ નથી તે આ દેશની અને દેશની મહિલાઓની કઠણાઈ છે.

૧૨સપ્ટમ્બર,૧૯૯૬ના રોજ એચ.ડી.દેવગૌડાની યુનાઇટેડ ફ્રન્ટ સરકારે સંસદ તેમજ રાજ્યોની વિધાનસભાની બેઠકોમાં ૩૩.૩ મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઇ કરતાં વિધેયકનો મુસદ્દો સૌ પ્રથમ સદનમાં રજુ કર્યો. ત્યાર બાદ છેક માર્ચ ૨૦૧૦માં તે સંસદમાં દાખલ થયું.ત્યાર પછી જમુનાન જમનોત્રી સહિત દિલ્હીની ગટરો અને ગંદા નાળાઓનું લાખો લિટર પાણી વહી ગયું, પરંતુ કોઇના પેટનું પાણી હાલ્યું નહી.મહિલા અનામત ભુલાઇ ગયું. વારંવાર વિધેયક રજુ થવા છતાં રાજનિતિક સર્વસંમતિના અભાવમાં દેશની સીતાઓ, દ્રોપદીઓ,મીરાઓ જે તે યુગમાં જેટલી ઉપેક્ષિત હતી તેટલીજ બલકે તેથી વધુ બદતર હાલતમાં છે તે હકીકત છે. દેશમાં શાસક પક્ષના મોટા ઘટકના પ્રમુખ સોનિયા ગાંધી અને વિરોધપક્ષના નેતા સુષમા સ્વરાજ મહિલા હોવા છતાં પણ લોકસભાના અધ્યક્ષ મીરા કુમાર છે. હમણાં સુધી પ્રતિભા પાટિલ રાષ્ટ્રપતિ રહી ચુક્યા, પણ આ બધું તો પાશેરમાં પહેલી પુણી !

માર્ચ ૨૦૦૮માં મુલાયમસિંહ યાદવે તત્કાલિન સરકાર પર એવો આક્ષેપ કર્યો હતો કે આગામી ચુંટણીઓ પહેલાં(એટલે કે વર્ષ ૨૦૦૯ની લોકસભાની ચુંટણીઓ પહેલાં)મહિલા આરક્ષણ બિલ પાસ કરાવી દેવાનો બદઈરાદો સરકાર ધરાવે છે.તે વખતે આ વિધેયકને તેમણે ખતરનાક ગણાવ્યું હતું.૨૦૧૪ની ચુંટણીના પડઘમ સંભળાઈ રહ્યા છે ત્યારે મહિલા અનામત વિશે કોઇને પુછીએ તો પણ કોઇ આપણને હસી કાઢે. કેવા મુરખા જેવી વાતો કરે છે ?ભ્રષ્ટાચાર છે, અર્થતંત્ર ખાડે છે તેમાં મહિલા અનામતનો કોણ ભાવ પુછે ?

જો કે રાજ્યસભાએ ૯ માર્ચ ૨૦૧૦ના રોજ આ વિધેયકને મંજુર કરી દીધુ છે.પરંતુ લોકસભામાં તે અટક્યું છે.અને સંસદની સ્થાયી સમિતિને તે પરત મોકલાયું છે. સમગ્ર વિશ્વની રાષ્ટ્રીય સાંસદોમાં મહિલાઓના વર્ગીકરણની દષ્ટ્રિએ ભારત ૧૦૯માં સ્થાને છે.ભારતીય લોકસભામાં આશરે ૧૧ટકા અને રાજ્યસભામાં આશરે ૧૦.૬ ટકા મહિલાઓ છે.

મહિલા અનામતના વિરોધીઓનું માનવું છે કે માત્ર ભદ્ર સમાજની સંભ્રાંત મહિલાઓને જ અનામતનો ફાયદો થશે.ગરીબ તથા વંચિત વર્ગની મહિલાઓની સ્થિતિમાં તેનાથી કશો ફેર નહીં પડે. જે કે,આપણે એ ભુલી જઈએ છીએ કે દેશભરમાં પંચાયત સ્તરે મહિલા અનામત ૩૩.૩ ટકા છે જ અને તે રુએ લગભગ દસેક લાખ મહિલાઓ દેશની પંચાયતોના વહીવટમાં સક્રિય છે. જે એ મોટી ક્રાંતિ છે.

'સંસ્કૃતા સ્ત્રી શિવા શક્તિ : 'એમ આપણે ત્યાં કહેવાયું છે.સંસ્કારી સ્ત્રી(ભણેલી-ગણેલી)કલ્યાણકારી શક્તિ છે. નાગી ફિલ્મો,સિરિયલો, સૌદર્ય સ્પર્ધાઓ, ચિયરગર્લ્સ,નાઇટ કલબો, વેલેન્ટાઇન દિવસો, ફેસબુકોના જમાનામાં પણ ભારતની સ્ત્રીઓ સંસ્કારી રહી શકી છે.રહી છે તે આપણા દેશના પુરુષોનુ સદનસીબ છે.બાકી પુરુષો તો રાવણ, દુઃશાસન, દુર્યોધનની ઓલાદોને શરમાવે તેવા નીચ અને હીન છે.તેમ કહેવામાં કોઇ ઝાઝી અતિશયોકિત નથી.

કેટલાક વળી એક પણ કહે છે કે રાજનીતીક પક્ષોએ જ પોતપોતાના પક્ષોમાં દસ ટકા મહિલા અનામત રાખવું જોઈએ.રાજ્યસભામાં મહિલા આરક્ષણ વિધેયકની ચર્ચા દરમિયાન ૯ માર્ચ,૨૦૧૦ ના રોજ મારા વ્યક્તવ્યમાં વિધેયકનું મે સમર્થન કર્યુ હતું. સરકારની આ પહેલ માટે તથા ભાજપ સહિતની કેટલીક મુખ્ય પાર્ટીઓના વિધેયકની તરફેણમાં વલણ અંગે ખુશી વ્યકત કરી હતી.રાજ્ય સભામાં તો આ વિધેયક પસાર થયું.પરંતુ લોકસભામાં કેટલાક પક્ષોની આડોડાઈને કારણે મહિલા સશક્તિકરણની દિશાનુ આ ઐતિહાસિક વિધેયક અટક્યું અને સ્ત્રી -પુરુષને સમોવડીયા ગણાતા વિકસિત સમાજની સામે ફરી એક વાર આપણે પાંગળા સાબિત થયા.આપણે સ્ત્રીઓને સમાન હક અને સમાન દરજ્જો આપવામાં ઉણા ઉતર્યા અને ફરી એકવાર સ્ત્રીઓ વિશે આપણે જે સામંતયુગીન દ્રષ્ટિકોણ ધરાવીએ છીએ અને વ્યાપક રીતે ભારતીય પુરુષ વર્ગ સ્ત્રીઓને હીન રીતે જોવાનું માનસિક વલણ ધરાવે છે તે વાતની પ્રતિતી જગતને કરાવી બેઠા.

મે રાજ્યસભામાં કહ્યું હતું કે હું જે પ્રદેશમાંથી રાજ્યસભામાં ગયો છું તે ઝારખંડ રાજ્યમાંથી એક પણ મહિલા સંસદમાં નથી.એટલું જ નહી, ઝારખંડ વિધાનસભામાં પણ મહિલા વિધાનસભ્યોની સંખ્યા બે આંકડા સુધી પહોચી શકી નથી.મહિલા અનામત ખરડો જો કાયદો બને તો ઝારખંડ સહિત દેશના તમામ રાજ્યોની મહિલઓના સશક્તિકરણની એક નવી દિશા ખુલી શકે છે.આ ખરડામાં માત્ર ત્રણ સામાન્ય ચુંટણીઓ સુધી ૩૩.૩ ટકા મહિલા અનામતની જોગવાઇ છે.તેથી આગામી ૧૫ વર્ષમાં મહિલાઓની રાજકીય ક્ષેત્રે ભાગીદારીમાં એક ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય, પરંત તે શક્ય ન બન્યું અને ફરી એકવાર મહિલા અનામતનું ગાડુ ધોંચમાં પડ્યું છે.

પરિમલ નથવાણી,
સાંસદ,રાજ્યસભા
(સૌ.સંદેશ)


**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઈ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


# ઓપનડોર.યુએસએ ના રીપોર્ટ પ્રમાણે સીરીયામાં ચાલી રહેલ સીવીલ વોરમાં ૫હજાર બાળકોએ તેમના જીવનો ગુમાવ્યા છે




સીરીયામાં ચાલી રહેલ સીવીલ વોરમાં પાંચ હજારથી વધુ બાળકોએ તેમના જીવનો ગુમાવ્યા છે.તાજેતરમાં ઓપન ડોર ,યુએસએ દ્વારા આંતરરાષ્ટ્રીય સમુદાયનું આ પ્રત્યે ધ્યાન દોરવા માટે રીપોર્ટ બહાર પાડવામાં આવ્યા હતા.જેમાં બે બાળકીઓની સાક્ષી જેઓ સીરીયામાં સતત ભયના ઓથાર નીચે જીવે છે તે આપવામાં આવી છે.જ્યાં સતત હિંસા અને મારીનાંખવાનું વાતાવરણ સર્જાયેલ છે.જે તેમની દિન બદિન રોજના જીવનમાં વણાયેલું છે.અનેક નિર્દોષ લોકો અને બાળકો તેનો ભોગ બને છે.સીરીયામાં શાંતિ સ્થપાય માટે ઈન્ટરનેશનલ સમુદાયે પ્રયત્ન કરવા જોઈએ.અમો રોજબરોજ અમારી આજુબાજુ શુ બની રહ્યું છે તે સમાચારો સાંભળીએ છીએ તથા તેનાથી દુઃખી પણ થઈએ છીએ.દરેક સ્ટ્રીટ અને ગલીઓમાંથી સૈનિકો પહેરો ભરી રહ્યા છે. અમો ધુમાડા નિકળતા જોઈએ છીએ જે લડાઈના કારણે દેખાય છે તેમજ બોમ્બ ફુટવાના અવાજો સાંભળીએ છીએ. આ ૧૩ વર્ષની એક છોકરી યુમનાએ કહ્યું હતું.જે એક ખ્રિસ્તી છોકરી છે અને દમાસ્કસ,સીરીયામાં તેની બહેનની સાથે રહે છે.જેની ઉંમર ૧૦ વર્ષની છે અને નશીતા તેનું નામ છે તેવું ઓપન ડોર,યુએસ તરફથી જણાવાયું હતું.

સીરીયામાં હ્યુમન રાઈટ્સ માટે કાર્ય કરતા નિરિક્ષકના જણાવ્યા પ્રમાણે એક લાખથી વધુ લોકો આ સીવીલ વોરમાં માર્યા ગયા છે.સરકારી સૈનિકો અને સરકારના વિરોધ વચ્ચે ચાલેલી લડાઈમાં આ લોકોના મોત થયા છે.જેમાં પાંચ હજાર જેટલા નિર્દોષ બાળકોના મોત થયા છે તેમની એકંદરે ઉમર ૧૬ વર્ષથી નીચે હતી.

એક દિવસ હું બસ દ્વારા સ્કુલે જઈ રહી હતી ત્યારે મે નજીકમાં જ ગોળીબારના અવાજો સાંભળ્યા. તેવું યુમનાએ જણાવ્યું હતું. તેથી અમો નીચે સુઈ ગયા.અમારી સીટની નીચે.અને રાહ જોવા લાગ્યા કે ગોળીબારના અવાજો શાંત થાય.બીજા દિવસે જ્યારે અમો સ્કુલમાં હતા ત્યારે એક વિમાન જે બોંબ ફેકવા માટે આવેલું તે અમારા સ્કુલની નજીકથી અમોને ધમકી આપતું ચાલી ગયાં, બોબથી બચવા માટે અમો બધા ભોયરામાં જતા રહ્યા હતા. જેથી ગ્લાસથી દુર રહી શકાય.હુ અને મારા ક્લાસના સહુ વિદ્યાર્થીઓ ખુબજ ભયભીત હતા.મારી આજુબાજુ નાના બાળકો રડી રહ્યા હતા.અને શિક્ષકોને બુમો પાડીને તેમની બીક પ્રદશિત કરી રહ્યા હતા.તેઓ પણ ભયભીત હતા.કેટલાકે તેમના માંબાપને બોલાયા હતા અને તેમની સાથે ઘેર જવા આતુર હતા.નસીતાએ આ જણાવ્યું હતું.

યુનાઈટેડ નેશન્સ ઓફીસ ઓફ ધ સ્પેશીયલ રીપ્રેઝન્ટેટીવ ઓફ ધ સેક્રટરી જનરલ ફોર ચિલ્ડ્રન એન્ડ આર્મ કોન્ફીકટ આ રીપોર્ટની ચકાસણી કરી શકે છે. પરિસ્થિતિમાં બગાડો કરવા માટે કેટલીક વાર બાળકોનો દુરપયોગ પણ થાય છે.અને લડાઈમાં ઉટીંયા તરીકે તેમનો ઉપયોગ થાય છે.અને ઘણી વાર ૧૦ વર્ષના બાળકોનો ઉપયોગ માલ સામાનની હેરાફેરી માટે પણ આ લોકો કરતા હોય છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

# પાકિસ્તાનમાં ધર્મનિંદા કાયદાનો વિરોધ




પાકિસ્તાનના પંજાબ પ્રાંતની એક કોર્ટે ધર્મનિદાના કેસ એક ખ્રિસ્તી વ્યક્તિને આજીવન કેગ અને ૨ હજાર યુ.એસ.ડોલરનો દંડની સજા કરી હતી.જેમાં ખ્રિસ્તી વ્યક્તિ દ્વારા મોબાઈલ ઉપર ટેક્સ મેસેજ મોકલવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.

તોબા ટેક સિહ જીલ્લામાં આવેલ કોર્ટે સજ્જાદ મસિહને ઉપરોકત સજા કરી હતી.જેમાં મુસ્લીમ મોલવીએ અને બીજા તેમના ગોરજા ટાઉનના ટેકેદારોએ સજ્જાદ ઉપર ધર્મનિંદા કરતા ટેક્સ મેસેજ મોકલ્યા હોવાનો આરોપ મુક્યો હતો તેને કોર્ટે બહાલ રાખી સજા કરી હતી.તેવું પાકિસ્તાનના ડોન ન્યુઝ પેપરે સમાચાર આપ્યા હતા.મસિહ જે પંજાબના પકપટ્ટન જીલ્લામાં રહે છે તેને ડિસેમ્બર ૨૦૧૧માં પકડવામાં આવ્યો હતો.પોલીસે એવો દાવો કર્યો હતો કે રોમા મસિહ નામની એક ગોરજા ટાઉનની છોકરી સાથે સબંધથી જોડાયેલ હતો. પરંતુ તેણીએ બ્રિટનમાં અન્ય કોઈ વ્યક્તિ સાથે કોન્ટ્રાકટ મેરેજ કર્યા હતા.તેણીને પાઠ શીખવવા માટે મસિહે તેણીનું સીમ કાર્ડ વાપરીને ધર્મનિંદા કરતા મેસેજ મુસ્લીમ મોલવીને તથા અન્યોને મોકલ્યા હતા. ગોરજા એ ધાર્મિક લાગણીઓ ધરાવતું કટ્ટર ગામ છે અને ભુતકાળમાં ત્યાંથી ખ્રિસ્તીઓ પર હુમલાઓ કરવામાં આવ્યા છે તેવા રીપોર્ટ પણ છે.પોલીસે ધર્મનિંદાનો કેસ સજ્જાદ મસિહ સામે દાખલ કર્યો હતો.પરંતુ મુસ્લીમ મોલવીની માંગણી થી પોલીસને સજ્જાદની ભુતપુર્વ ફિનાન્સને પણ કેસમાં દાખલ કરવા માટે મજબુર કરી હતી.

---

અનુ પાન નં.૧ નુ ચાલુ

જો કે ત્યાર બાદ તે શક્ય બન્યું.ઓક્સફર્ડ ડીક્શનેરી.કોમે તાજેતરમાં લગ્ન બાબતની વ્યાખ્યા આપતા જણાવ્યું કે પહેલા એક પુરુષ અને એક મહિલાનું એકઠા થવું અને જેને કાયદાએ લગ્ન તરીકેની માન્યતા આપેલ,તે પ્રમાણે તેઓ પતિ અને પત્ની ગણાતા.કાયદામા પણ આજ પ્રમાણેની માન્યતા સ્થિર થયેલ હતી.પરંતુ સજાતીય લગ્ન એટલે એકજ સેક્સ કે જાતિના બે લોકો વચ્ચે ઉભો થયેલ કરાર.અમો સતત આ બાબતે તપાસ કરી રહ્યા છીએ કે આ વ્યાખ્યાને કેવી રીતે બદલી શકાય કે તેમાં ઉમેરો કરી શકાય.તેવું ઓક્સફર્ડ યુની.પ્રેસના એક પ્રવક્તાએ જણાવ્યું હતું.

ઓક્સફર્ડ ડીક્શનેરી બીજા બધાં કરતાં અલગ છે.અને તે ભાષા બાબતે ઐતિહાસિક રેકોર્ડ ધરાવે છે.ભુતકાળમાં કરેલા અર્થ ચાલુ રહેશે,ભાષા બદલાય તો પણ,પરંતુ નવા અર્થ તેમાં ઉમેરાતા જશે.તેણીએ વધુમાં ઉમેર્યું હતું કે રીપોર્ટ મળ્યા મુજબ ગે રાઈટ્સ એકટીવિસ્ટો દલીલ કરી રહ્યા છે કે ગે સબંધો બાબતે કરેલ રેફરન્સ કે વ્યાખ્યા બંધ બેસતા નથી.જો કે કોઈપણ દેશમાં એ કાયદો હોય તો પણ ગે લગ્નનો પહેલા લગ્નની વ્યાખ્યા પ્રમાણે જ ગણવા જોઈએ.

બ્રિટનની સંસદે સજાતીય લગ્નોને કાયદેસર બનાવતો કાયદો પસાર કરી દીધો તે પછી અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે.જેવો કે ડીક્શનેરીમાં લગ્નના અર્થમાં આ બાબતને ઉમેરવી તો કેવી રીતે ઉમેરવી, અને તેની નવી વ્યાખ્યા કેવી રીતે કરવી, ખેર પ્રશ્નો છે ત્યાં જવાબો પણ મળે છે.અને તે અંગેની નવી વ્યાખ્યા પણ શોધી કાઢવામાં આવશે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# આર્યલેન્ડની સરકારે માતનાનો જીવ જોખમમાં હોય ત્યારેગર્ભપાત કરવાના કાયદાને મંજુરી આપી

આર્યલેન્ડની સંસદ ઘણી બધી રાત્રીઓની ચર્ચા બાદ ગર્ભપાતના કાયદાને મંજુર રાખ્યો હતો. જેમાં એવી જોગવાઈ કરાઈ છે કે માતાની જીંદગી બચાવવાની બાબત હોય ત્યારે ગર્ભપાત કરી શકાય,તેમજ કોઈ માતા ધારણ કરેલા ગર્ભને કારણે આત્મહત્યા કરવા તત્પર હોય ત્યારે ગર્ભપાત કરી શકાય અને તેને કાયદેસર ગણવામાં આવશે.આ પહેલા ગર્ભપાત આર્યલેન્ડમાં કાયદેસર ગણાતો નહોતો.આ કેથોલીક દેશ છે અને ત્યાં ખ્રિસ્તી ધાર્મિક માન્યતાઓનો આધારે ગર્ભપાત કરવાની છુટછાટ મળેલી નહોતી.પરંતુ ભારતીય ડેન્ટીસ મહિલા સવિતા હાલાપ્પનાવરનું ગત ઓક્ટો ૨૦૧૨ માં લોહીનું ઝેરમાં રુપાંતર થઈ જતા તેનો ગર્ભપાત ડોકટરો કર્યો નહોતો કારણકે તેમને કાયદો નડતો હતો.પરંતુ ડો. સવિતા ના મૃત્યુ બાદ સમગ્ર વિશ્વમાં આર્યલેન્ડના કાયદા વિરુધ્ધ એક જનમત ઉભો થયો,તેમના દેશમાં પણ એક વિરોધનો વંટોળ ઉભો થયો અને પરિણામે સંસદમાં ગર્ભપાતના કાયદા માં છુટછાટ મુકવા વિચારણા કરવામાં આવી અને અનેક કલાકોની ચર્ચા બાદ અંતે આ કાયદાને સ્વરુપ આપવામાં આવ્યું.

પ્રોટેકશન ઓફ લાઈફ ડ્યુરીંગ પ્રેગન્સી બિલ-૨૦૧૩ લોઅર હાઉસ,પાર્લામેન્ટમાં પસાર કરવામાં આવ્યો.જેમાં બિલની તરફેણમાં ૧૨૭અને વિરુધ્ધમાં ૩૧ વોટ પડ્યા હતા.દેશમાં ગર્ભપાતને મંજુરી આપવામાં આવી જેમાં માતાની જીંદગી જોખમમાં હોય ત્યારે ગર્ભપાત કરી શકાય.જ્યારે પ્રેગન્સીને કારણે કોઈ જોખમને કારણે માતા આપધાત કરવા માંગતી હોય ત્યારે ગર્ભપાત કરી શકાય.એવી જોગવાઈઓ આ કાયદામાં કરવામાં આવી છે.આ ઉપરાંત આ કાયદામાં કેટલાક ઉમેરા પણ કરવામાં આવ્યા તેમાં બળાત્કારથી કોઈ વ્યક્તિ પ્રેગન્ટ થઈ હોય અને તેનો ગર્ભપાત કરવાનો હોય તો તેને મંજુરી આપવામાં આવી છે.જેઓ આ બિલનો વિરોધ કરનાર નેતાઓ હતા,જેમાં ધાર્મિક નેતાઓ પણ હતા, તેમણે દલીલો કરતાં કહ્યું




હતું કે ગર્ભપાત વિનંતી હોય ત્યારે કરવાની મંજુરી આપવી જોઈએ.જેમાં આપધાત જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હોય ત્યારે ખાસ કરીને.ગર્ભપાત કરતાં પહેલા બે માનસશાસ્ત્રીઓએ આવી પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું જોઈએ. અને આપધાત કરવાની પરિસ્થિત બાબતે કારણો ખરેખર ઉગ્ર છેકે નહિ તે તારવવું ત્યાર બાદ મંજુરી આપી શકાય.કેટલાક સામાજીક કાર્યકરોની દલીલ હતી કે હાલના કાયદામાં પણ માતાની જીંદગી જોખમમાં હોય ત્યારે ગર્ભપાત કરવાની જોગવાઈ અસ્તિત્વમાં છે.આજથી વીસ વર્ષ પહેલા આર્યલેન્ડની સુપ્રીમ કોર્ટે એવો ચુકાદો આપેલો છે કે માતાની જીંદગી જો જોખમમાં હોય તો ગર્ભપાત કાયદેસર ગણાય.પરંતુ આ ચુકાદાને કયારેય કાયદાનું સ્વરુપ મળ્યુ નહોતું.તેથી ડોકટર અને દર્દીઓ બંન્ને ને માટે ગર્ભપાત અંગે શું નિર્ણય કરવો તે માટે અસંમજની સ્થિતિ રહેતી.જે બાબત ડો. સવિતામાં ઉદ્ભવી હતી. જો આમ કરવાથી કોઈની જીંદગી બચી જતી હોય તો તેનો કોઈને વાંધો હોવો જોઈએ નહી.અત્યારના કાયદા મુજબ દરેક મહિલાને તેની જીંદગી બચાવવાનો હક વૈદકીય સારવાર દરમિયાન મળેલો છે.પરંતુ નવા કાયદામાં આપઘાત કરવા પ્રેરાતી મહિલાઓ પર ગર્ભપાત કરાવી શકે છે.જે ખરેખર સાચી વૈદકીય સલાહ નથી.ગર્ભપાત કરવાથી આપઘાતના કિસ્સા રોકી શકાશે નહી.એ તો માત્ર બાળક ગુમાવવાની વાત છે.જે મહિલાની માનસિક સ્વસ્થતાને નુકસાન કરે છે.

સરકારી બિલ હવે કાયદો બની ગયું.આ સહુ પ્રથમ વાર ઈતિહાસ બનાવશે જે સીધે સીધુ નહી જન્મેલા બાળકને અસર કરશે.જે બાબત મીલીયન માઈલ સારી દવાથી દુર છે.જેઓ આ બિલની તરફેણમાં હતા તેમનું માનવું છે કે આ એક પગલુ આગળ વધ્યા છીએ.હજુ દેશમાં આ કાયદાને સંપુર્ણ રીતે લાગુ કરવામાં વાર લાગશે.જેમાં બળાત્કાર બાદ પ્રેગન્ટ થયેલ છોકરીઓ કે મહિલાઓ બાબતે એટલો ઝડપથી નિર્ણય આવશે કે કેમ તે બાબતે શંકા છે.

બીબીસીના મતે રોજ આર્યલેન્ડથી ૧૧ મહિલાઓ ગર્ભપાત કરવવા માટે ગ્રેટ બ્રિટન આવે છે.હ્યુમન રાઈટ્સ વોચે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના ચુકાદા કરતાં થોડું આગળ આ બિલ છે.નવા કાયદા એટલો બધો સાફ નથી.કારણકે મહિલાઓનો હેલ્થ પ્રોફેશનલ્સ પાસેથી આ બાબતે મંજુરી લેવી પડશે.જેથી ગર્ભપાત કરવામાં મોડું પણ થઈ શકે છે.ગૌરી વાન ગુલીક, મહિલા રાઈટ્સ એડવોકેટ, હ્યુમન રાઈટ્સ વોચે આ બાબત જણાવી હતી.

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.